કોઈપણ પ્રકારની પૂર્વ નોટિસ અને જાણ કર્યા વિના મીટરો લગાવ્યા હોવાના આક્ષેપ

# સયાજીગંજના દર્શનમ ટ્રેડ સેન્ટર-2 ખાતે સ્માર્ટ વીજ મીટર લગાવતા વિવાદ

**એમજીવીસીએલના** કર્મચારીઓ અને વ્યાપારીઓ વચ્ચે શાબ્દિક ટપાટપી



(પ્રતિનિધિ) વડોદરા,તા.23
વડોદરા શહેરમાં સ્માર્ટ મીટરનો વિવાદ ફરી ઊભો થયો છે. શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલ દર્શનમ ટ્રેડ સેન્ટર 2 ખાતે આજે એમજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ, આ કામગીરી દરમિયાન વેપારીઓએ ભારે વિરોધ નોંધાવ્યો હતો વેપારીઓનું કેહવું છે કે, કોઈપણ પ્રકારની પૂર્વ નોટિસ અથવા જાણ કર્યા વિના વીજ કંપની દ્વારા જૂના મીટર દૂર કરીને સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યા છે. જે અધિકારોનો ભંગ છે. વેપારીઓ આક્ષેપ કર્યો હતો કે, સ્માર્ટ મીટર લાગ્યા બાદ બીજ બીલોના અચાનક વધારો થઈ રહ્યો છે અને ઘણી ટેકનીકલ ખામીઓ પણ સામે આવી રહી છે. જેના કારણે નાના અને મધ્યમ વેપારીઓ પર આર્થિક ભારણ વધ્યું છે. વિરોધ દરમિયાન વેપારીઓએ સ્માર્ટ મીટર ફરજિયાત છે , તેઓ કોઈ આદેશ નથી છતાં પણ એમજીવીસીએલ આ પ્રક્રિયા દબાણપૂર્વક અમલમાં મૂકી રહી છે. મહિલાઓ માંડવી એમજીવીસીએલ કચેરીએ પહોંચી હતી અને ડેપ્યુટી એન્જિનિયર આર આર સીંગને સમગ્ર મામલે રજૂઆત કરી જૂના મીટર લગાવવા રજૂઆત કરી હતી. આ દરમિયાન સ્થળ પર હાજર એમજીવીસીએલના કર્મચારીઓ અને વ્યાપારીઓ વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી. જેના કારણે વાતાવરણ પણ તંગ બન્યું હતું. સ્થાનિક વેપારીઓએ માંગણી કરી છે કે, આ મુદ્દે સ્પષ્ટતા કરવામાં આવે અને ગ્રાહકોની પૂર્વ મંજૂરી વિના આવી કાર્યવાહી બંધ કરવામાં આવે.

### વધુ બીલ આવતા માંડવી વીજ કચેરીએ દેવીપૂજક સમાજના લોકોની રજૂઆત

શહેરના વારસિયા વિસ્તારમાં જોગણી માતાના મંદિર પાસે આવેલ વાઘરી વાસમાં એમજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. જે બાદ સ્થાનિકોના બીલમાં વધારો થયો હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. જુના મીટર વખતે અહીંયા 700 થી હજાર રૂપિયા બિલ આવતું હતું. જ્યારે હવે નવું સ્માર્ટ મીટર નાખ્યા બાદ લોકોના બિલમાં 2500 જેવો વધારો થયો હોવાના આક્ષેપ પણ સ્થાનિકોએ કર્યા હતો.

## વડોદરામાં ટીબી નિર્મૂલન અભિયાનને વેગ : નિઃશુલ્ક નિદાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
ટીબી (ક્ષય) માત્ર જાહેર આરોગ્યની સમસ્યા નથી, પરંતુ તે દેશ તેમજ સમાજ માટે આર્થિક અને સામાજિક પડકારરૂપ છે. ક્ષયરોગ (Tuberculosis) માયક્રોબેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસિસ નામના જીવાણુથી થતો ચેપી રોગ છે, જે મુખ્યત્વે ફેફસાને અસર કરે છે, તેમ છતાં શરીરના અન્ય અંગોમાં પણ તેની અસર જોવા મળે છે. ફેફસાને અસર કરતો ટીબી "પલ્મોનરી ટીબી" તરીકે ઓળખાય છે, જ્યારે લસિકા ગ્રંથિ, હાડકા, સાંધા, મૂત્ર-જનન માર્ગ, ચેતાતંત્ર અને આંતરડા જેવા અંગોમાં થતો ટીબી "એક્સ્ટ્રા પલ્મોનરી ટીબી" તરીકે ઓળખાય છે. ટીબીનું નિદાન સામાન્ય રીતે દર્દીના ગળફાના બે નમૂનાઓની તપાસ દ્વારા કરવામાં આવે છે, જે સચોટ અને વિશ્વસનીય પદ્ધતિ છે. વડોદરા શહેરના તમામ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ટીબીનું નિઃશુલ્ક નિદાન અને સારવાર સુલભ બનાવવામાં આવી છે. સામાન્ય પ્રકારના ટીબીની સારવાર ૬ મહિનાની હોય છે, જ્યારે ગંભીર પ્રકારના ટીબીની સારવાર ૯ થી ૨૪ મહિનાની હોય છે.

એક્ટીવા પર આવેલા બે શખ્સે મારી નાખવાની ધમકી આપી ઘટનાને અંજામ આપ્યો

# વડોદરામાં ધોળા દિવસે ચાકુની અણીએ યુવક પાસેથી મોબાઈલની લૂંટ ચલાવાઈ

જવાહરનગર પોલીસે બંને આરોપીઓને રણોલી બ્રિજ પાસેથી ઝડપી પાડ્યા હતા



(પ્રતિનિધિ) વડોદરા, તા.23
વડોદરાના કરચીયા વિસ્તારમાં ધોળા દિવસે મોબાઈલ લૂંટાયો હોવાની ઘટના બની છે. કરચીયા- રણોલી રોડ પર રીલ બનાવવા માટે ઉભેલા બે મિત્રો પાસે બે શખ્સો ધસી આવ્યા હતા અને એક યુવકને ચપ્પુ બતાવી તેની પાસેથી મોબાઈલ ફોન છીનવી લઈ ફરાર થઈ જતા વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. આ બંને શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલમાં કરચિયા રોડ ઉપર ફાટક પાસે આવેલી ટાટા કોલોનીમાં રહેતા દિલીપકુમાર દીપકકુમાર બેઠા (ઉ.વ.19) ગુજરાત રિફાઇનરી ખાતે ખાનગી કંપનીના પ્રોજેક્ટમાં હેલ્પર તરીકે નોકરી કરે છે. રવિવારે રજા હોવાથી તે પોતાના મિત્ર રોશનકુમાર રાજકુમાર સાહ (મૂળ પશ્ચિમ ચંપારણ, બિહાર) સાથે નાસ્તા માટે કરચીયાથી રણોલી તરફ જઈ રહ્યા હતા.આ દરમિયાન બંને મિત્રો રીલ્સ બનાવવા માટે કરચીયા રણોલી રોડ પર ઉભા રહ્યા હતા. બપોરના અંદાજે 12 વાગ્યાના સમયે એક સફેદ રંગની એક્ટિવા પર સવાર બે શખ્સ ત્યાં આવી પહોંચ્યા હતા. જેમાથી એક શખ્સ લાઈટ ગ્રીન ટી-શર્ટ અને કાળા પેન્ટમાં હતો. તેણે દિલીપકુમારના હાથમાં રહેલો મોબાઇલ ઝૂંટવી લીધો હતો. જ્યારે બીજા ઈસમે ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવક ડરી થઈ ગયો હતો અને મોબાઇલ છોડી દીધો હતો. બન્ને આરોપીઓ મોબાઇલ લઈને સફેદ એક્ટિવા પર પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા બંને શખ્સની સીસીટીવી ફૂટેજના આધારે શોધખોળ શરૂ કરી હતી. જેમાં જવાહરનગર પોલીસ દ્વારા દ્વારા ચાકુ બતાવી યુવક પાસેથી મોબાઈલની લુંટ ચલાવનાર રીઢા આરોપી બોબીસિંહ ક્રિપાલસિંહ સરદાર તથા મિતેષ ઉર્ફે કલ્લુ જગદીશ પરમાર (બંને રહે.રણોલી ગામ) ને રણોલી બ્રિજ પાસેથી ઝડપી પાડવામાં આવ્યાં છે. જેમાં બોબીસિંહ સરદાર સામે 12 જ્યારે મિતેશ પરમાર સામે 4 ગુના નોંધાયા છે.

2021 ની સરખામણીએ ચોંકાવનારો ઘટાડો, શહેરમાં 2.38 લાખ મતદારો અને 164 મતદાન મથકો ઘટ્યા

# વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનો શંખનાદ, 19 વોર્ડની મતદારયાદી જાહેર

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
રાજ્ય ચૂંટણી આયોગના આદેશ બાદ વડોદરા મહાનગરપાલિકા દ્વારા આગામી સામાન્ય ચૂંટણીઓની તૈયારીઓના ભાગરૂપે શહેરના 19 વોર્ડની મતદારયાદી આજે સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નવી યાદીમાં વડોદરા શહેરના કુલ 12.08 લાખ મતદારો નોંધાયા છે. જોકે, આંકડાકીય દ્રષ્ટિએ સૌથી મોટો ફેરફાર એ જોવા મળ્યો છે કે વર્ષ 2021ની સરખામણીએ આ વખતે મતદારોની સંખ્યામાં 2.38 લાખનો તોતિંગ ઘટાડો નોંધાયો છે. વડોદરા મહાનગરપાલિકાના ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, કુલ મતદારો : 12,08,021, પુરુષ મતદારો : 6,12,825, મહિલા મતદારો : 5,95,099, અન્ય (થર્ડ જેન્ડર) : 97, સર્વિસ મતદાર : 400, કમી થયેલ મતદારો : 10,099 (જેમના નામ યાદીમાંથી દૂર કરાયા છે). વર્ષ 2021ની ચૂંટણીની સરખામણીમાં આ વખતે મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. 2021માં મતદાન મથકો (બુથ) ની સંખ્યા વધુ હતી, જેમાં આ વખતે 164 બુથનો ઘટાડો થતા હવે કુલ 1131 બુથ નક્કી કરાયા છે. સૌથી વધુ ચર્ચાસ્પદ બાબત એ છે કે 2021ની સાપેક્ષમાં 2,38,191 મતદારોનો ઘટાડો થયો છે, જે મતદાર યાદીના શુદ્ધિકરણ અથવા સીમાંકનને આભારી હોઈ શકે છે. મહાનગરપાલિકા દ્વારા આ યાદી જાહેર સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવી છે. નાગરિકો તા. 23-03-2026 થી નીચેના સ્થળોએ જઈને પોતાનું નામ ચેક કરી શકે છે. વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી (ઇલેક્શન શાખા), તમામ 19 વહીવટી વોર્ડની કચેરીઓ, કલેક્ટર કચેરી, વડોદરા અને મ્યુનિસિપલ સેક્રેટરી શાખા (ખંડેરાવ માર્કેટ). તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જો કોઈ નાગરિકનું નામ જે-તે વિધાનસભા મતદાર વિભાગની યાદીમાં હોય, પરંતુ મહાનગરપાલિકાની આ નવી યાદીમાં સમાવવાનું રહી ગયું હોય, તો તેઓ ત્વરિત સુધારો કરાવી શકે છે. આ માટે જરૂરી પુરાવાઓ સાથે ખંડેરાવ માર્કેટ બિલ્ડિંગના પ્રથમ માળે, રૂમ નં. 127 (ઇલેક્શન શાખા) ખાતે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. આ સમગ્ર પ્રક્રિયા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ 1949ની કલમ-8 અને 1994ના મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો હેઠળ હાથ ધરવામાં આવી છે. ચૂંટણીની જાહેરાત પૂર્વેની આ સૌથી મહત્વની પ્રક્રિયા હોવાથી રાજકીય પક્ષોમાં પણ સળવળાટ શરૂ થઈ ગયો છે.

મહારાષ્ટ્રના વસઈ-વિરાર વિસ્તારમાંથી ઝડપી

# ઠગાઈના ગુનામાં 22 વર્ષથી ફરાર મહિલા ઠગ ઝડપાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23
ઠગાઈના ગુનામાં છેલ્લા 22 વર્ષથી ફરાર ઠગ મહિલા આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી છે. આરોપી સુનિતા રાજેશ માંડલ સહિતની ગેંગ દ્વારા ડેટા એન્ટ્રીનું કામ કરી આપવા માટે એમઓયુ કરી વેપારી પાસેથી રૂ.45 લાખ પડાવ્યાં હતા. જેમાંથી માત્ર 15 પરત કર્યાં હતા. જ્યારે બાકી 30 લાખની ઠગાઈના ગુનામાં ધરપકડથી બચવા માટે મહિલા મહારાષ્ટ્રના વસઈ વિરાર વિસ્તારમાં ભાગી ગઈ હતી. પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને સંયુક્ત પોલીસ કમિશનર નિલેશ જાજડિયા લાંબા સમયથી નાસતા આરોપીઓને ઝડપી પાડવાની સુચના આપવામાં આવી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ 22 વર્ષથી ઠગાઈના ગુનામાં ફરાર મહિલા આરોપીની મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં તપાસ કરતી હતી. દરમિયાન ટેકનિકલ તથા હ્યુમન સોર્સના આધારે બાતમી મળી હતી કે મહિલા આરોપી વિરાર ખાતે રહે છે. જેના આધારે પોલીસ ટીમે ગુપ્ત તપાસ કરીને તેના નિવાસસ્થાનેથી આરોપીને ઝડપી પાડી છે. ડેટા કન્વર્ઝનનો વ્યવસાય કરતા વ્યક્તિને આરોપીઓએ અમેરિકાથી ડેટા એન્ટ્રીનું કામ અપાવવાનો ભરોસો આપી એમઓયુ કરાવ્યો હતો અને રૂ.60 લાખની ડીલ બતાવી તેમની પાસેથી કુલ રૂ.45 લાખ પડાવી લીધા હતા. કામ આપવાના બદલે માત્ર રૂ.15 લાખ પરત આપ્યા હતા અને બાકી રૂ.30 લાખ ઠગાઈ કરીને પરત આપ્યા નહોતા. ત્યારે આ ગુનામાં સુનિતા માંડલની સંડોવણી બહાર આવી હતી અને મહિલા આરોપી ધરપકડથી બચવા માટે નાસતી ફરતી હતી. 22 વર્ષથી ફરાર મહિલાને પકડી ક્રાઈમ બ્રાન્ચે વડોદરા લાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આદિવાસી ક્રાંતિવીરો અને દેશના શહીદોને નમન કરી તેમની શહાદતને યાદ કરી

# આદિવાસીઓ ભારતના અસલી માલિક રાહુલ ગાંધીએ વડોદરામાં સભા સંબોધી




(પ્રતિનિધિ) વડોદરા, તા.23
વડોદરા એરપોર્ટ પર રાહુલ ગાંધીનું આગમન થતા જ 'જય સંવિધાન' અને 'કોંગ્રેસ ઝિંદાબાદ'ના નારાથી આખું પરિસર ગુંજી ઉઠ્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને વિધાનસભા પક્ષના નેતા અમિત ચાવડા દ્વારા તેમનું પુષ્પગુચ્છ અને સૂતરની આંટી પહેરાવી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટની બહાર કાર્યકરો ઉમટી પડ્યા હતા, જેમને જોઈને રાહુલ ગાંધીએ પણ અભિવાદન ઝીલ્યું હતું. તેમણે આદિવાસી પરંપરા મુજબનું તીર-કામઠું ધારણ કર્યું હતું અને પરંપરાગત વસ્ત્રો સજ્જ કર્યા હતા. આદિવાસી સમાજના આગેવાનોએ તેમનું પાઘડી પહેરાવીને સન્માન કર્યું હતું.

આ તકે રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, આદિવાસી સંસ્કૃતિ એ ભારતની ઓળખ છે અને તેનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે. તેમના ભાષણના મુખ્ય અંશો, તેમણે ભારપૂર્વક કહ્યું કે આદિવાસીઓ આ દેશના 'વનવાસી' નહીં પણ 'આદિવાસી' એટલે કે અસલી માલિકો છે. આદિવાસીઓના જળ, જમીન અને જંગલના અધિકારો છીનવવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કરી તેમણે સંવિધાન બચાવવાની હાકલ કરી હતી. સંબોધનની શરૂઆતમાં તેમણે આદિવાસી ક્રાંતિવીરો અને દેશના શહીદોને નમન કરી તેમની શહાદતને યાદ કરી હતી. આ સંમેલનમાં વડોદરા સહિત મધ્ય અને દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટામાંથી લોકો ઉપસ્થિત રહ્યાં હતા. રાહુલ ગાંધીએ આગામી ચૂંટણીઓ માટે કાર્યકરોને ગામડે-ગામડે જઈને સંવિધાનનો સંદેશ પહોંચાડવા આહવાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં બીજેપીના પૂર્વ કોર્પોરેટર આશિષ જોષી, પારૂલ પટેલ, ભાયલીના પૂર્વ સરપંચ દર્પણ પટેલ, ટીના પટેલ અને મધુ શ્રીવાસ્તવની દીકરી દીપા શ્રીવાસ્તવ અને મહેન્દ્રસિંહ રાઠોડ કોંગ્રેસમાં જોડાયા હતા.

મોરેશિયસમાં વ્યાપાર કરવા માટે સુવર્ણ તક

# આફ્રિકા યુનિયનના 55 દેશોમાં વ્યાપાર કરવાનો સરળ માર્ગ મોરેશિયસથી નીકળે છે

ઇન્ડિયન કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સીલના અધ્યક્ષ વિરલભાઇ ચૌધરીના નેતૃત્વમાં MOU થયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.23
વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ ભારત વૈશ્વિક વેપાર ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. તે જ દિશામાં ઇન્ડિયન કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સીલ, ગુજરાતના અધ્યક્ષ વિરલભાઈ ચૌધરીના નેતૃત્વમાં ગુજરાતના ૧૫થી વધુ ઉદ્યોગકારોએ પાંચ દિવસીય મોરેશિયસ મુલાકાત યોજી હતી. આ મુલાકાત દરમિયાન મોરેશિયસના રાષ્ટ્રપ્રમુખ ગોખુલ ધરમવીર સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં વ્યાપાર, રોકાણ અને સંસ્થાકીય સહકાર અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ મુલાકાતના અંતે થયેલા મહત્વપૂર્ણ MOUના પરિણામે ગુજરાતના ઉદ્યોગકારો માટે મોરેશિયસ મારફતે આફ્રિકન યુનિયનના ૫૫ દેશોમાં વ્યાપાર કરવાની નવી તકો ઉભી થઈ છે. મોરેશિયસના રાષ્ટ્રપ્રમુખે પણ વ્યાપાર વિસ્તરણ માટે સંપૂર્ણ સહકાર આપવાની તૈયારી દર્શાવી હતી. પ્રતિનિધિમંડળે ગોપીઓ, મોરેશિયસ ચેમ્બર ઓફ કોમર્સ, ઈકોનોમિક ડેવલોપમેન્ટ બોર્ડ, તામીલ ચેમ્બર ઓફ કોમર્સ અને ગ્લોબલ રાઈસ કેપિટલ જેવી સંસ્થાઓ સાથે પણ ચર્ચાઓ કરી હતી. આ મુલાકાતથી ફિનટેક, લોજિસ્ટિક્સ, નવીનીકરણીય ઊર્જા, ફાર્મા, ટૂરિઝમ, બ્લૂ ઈકોનોમી અને ઊભરતી ટેક્નોલોજી ક્ષેત્રે સહકારના નવા દ્વાર ખુલ્યા હોવાનું વિરલભાઈએ જણાવ્યું હતું.

ઈદના દિવસે ઘરની બારીમાંથી ચલણી નોટોનો વરસાદ કર્યો

# અંકલેશ્વરના દઢાલ ગામે NRI સામાજિક કાર્યકરનો વિવાદિત વીડિયો વાયરલ



(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.23
અંકલેશ્વરમાં રહેતા અને હાલમાં અમેરિકા સ્થાયી થયેલા એક એનઆરઆઈ સામાજિક કાર્યકર સાથે જોડાયેલો વિવાદિત વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. વીડિયોમાં "પાંચભાયા પરિવાર" તરીકે ઓળખાતા પરિવારના સભ્યો ઘરના પ્રથમ માળની બારીમાંથી નોટો ઉડાવતા નજરે પડે છે.

આ ઘટનામાં ખાસ કરીને ગરીબ અને સ્થાનિક લોકો પૈસા મેળવવા માટે પડાપડી કરતા દેખાઈ રહ્યા છે,જે દ્રશ્યોને લઈને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી હતી.કેટલાક લોકો આ કૃત્યને દાનનો અલગ અંદાજ ગણાવી રહ્યા છે, જ્યારે અન્ય લોકો તેને ગેરજવાબદાર અને અપમાનજનક ગણાવી રહ્યા છે. માહિતી મુજબ, વાયરલ થયેલો વીડિયો ઈદના સમયનો હોવાનુ અનુમાન કરવામાં આવી રહ્યુ છે, જોકે આ અંગે સત્તાવાર પુષ્ટિ હજી સુધી થઈ નથી. પાંચભાયા પરિવાર અંકલેશ્વરમાં વૈભવી જીવનશૈલી સાથે સાથે સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતો રહ્યો છે. તેમ છતાં આ વીડિયો સામે આવતા ચર્ચા અને વિવાદનો માહોલ સર્જાયો છે. હાલ આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી, પરંતુ વીડિયો વાયરલ થતા સ્થાનિક સ્તરે ચર્ચાનો વિષય બન્યો છે.

# બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા મોટી સંખિયાડ ગામે દેવી આરાધના ગરબા નાઈટનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા, તા.23
ચૈત્ર નવરાત્રીના પાવન અવસરે બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા મોટી સંખિયાડ ગામે ભવ્ય દેવી આરાધના ગરબા નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભક્તિ, સંસ્કૃતિ અને સામાજિક એકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો. ગામના લોકો, ખાસ કરીને મહિલાઓ અને યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પરંપરાગત ગરબાનો આનંદ માણ્યો. બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશનના સ્વયંસેવકો દ્વારા ગરબા ગાનમાં સહભાગિતા સાથે સમગ્ર કાર્યક્રમને સુવ્યવસ્થિત રીતે સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. કાર્યક્રમ માત્ર સાંસ્કૃતિક જ નહીં પરંતુ સામાજિક રીતે પણ મહત્વપૂર્ણ રહ્યો. ફાઉન્ડેશન દ્વારા 22 વિધવા મહિલાઓને ગ્રોસરી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું અને 100 યુવતીઓને ભેટ આપવામાં આવી, જેના કારણે તેમના ચહેરા પર ખુશીની ઝલક જોવા મળી. આ પ્રસંગે ફાઉન્ડર ડિરેક્ટર કિન્નરી હરિયાણીએ જણાવ્યું કે, ₹નવરાત્રી શક્તિ, ભક્તિ અને એકતાનો તહેવાર છે. પહેલ દ્વારા અમે માત્ર અમારી સંસ્કૃતિને જાળવવાનું નહીં પરંતુ સમાજની મહિલાઓને સહારો અને સશક્ત બનાવવાનો પ્રયાસ કર્યો છે. બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન હંમેશા લોકોના જીવનમાં ખુશીઓ અને સકારાત્મક બદલાવ લાવવા માટે પ્રતિબદ્ધ છે.

ગ્રામીણ સંસ્કૃતિના ઉત્થાન માટે ભેખડિયા (મધ્ય ગુજરાત) અને જામલી (મધ્યપ્રદેશ) ને ભારતના પ્રથમ 'દિવ્યગ્રામ' બનાવ્યા

# જળક્રાંતિ ટ્રસ્ટ: રાષ્ટ્રનિર્માણ અને પ્રકૃતિરક્ષાનું મહા અભિયાન

**લુપ્ત થતા** ૧૦૦૦ જાતના કૃષિ બીજ અને ૩૦૦૦ જાતના દેશી આંબા બચાવવા માટે 'આમ્રક્રાંતિ' અભિયાન ચલાવ્યું





(પ્રતિનિધિ) વડોદરા, તા.11
જળક્રાંતિ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા પ્રણેતા મનસુખભાઈ સુવાગીયાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૮ વર્ષથી રાષ્ટ્રસેવાનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે. ઉદ્યોગ, ઘર અને આરામનો ત્યાગ કરીને ઈશ્વર પ્રેરિત આત્મજ્ઞાનથી તેમણે જળ, ગાય, કૃષિ અને ગ્રામોત્થાન ક્ષેત્રે પાયાની પાંચ યોજનાઓ અને સાત અમૂલ્ય શાસ્ત્રો રાષ્ટ્રને અર્પણ કર્યા છે.

મનસુખભાઈએ ચેકડેમ નિર્માણના નવા અને સસ્તા સિદ્ધાંતો દ્વારા ૧૯૯૯થી ૨૦૨૫ સુધીમાં ૩૩૦૦થી વધુ ચેકડેમ-તળાવ અને જળરક્ષાના ૧ લાખ જેટલા કાર્યો સંપન્ન કર્યા છે. ગીર અને કાંકરેજ ગાયોના સંવર્ધન માટે 'ગોક્રાંતિ' યોજના અમલમાં મૂકી, જેના ફળસ્વરૂપ ગીર ગાયોની સંખ્યા ૫,૦૦૦થી વધીને ૩ લાખ સુધી પહોંચી છે. તેમણે કિસાન પુત્ર તરીકેના અનુભવોથી ૧૦૦થી વધુ કૃષિપાકોમાં રોગ નિયંત્રણ અને ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતીના ૨૩ વર્ષના સંશોધનો રજૂ કર્યા છે. આ ઉપરાંત, લુપ્ત થતા ૧૦૦૦ જાતના કૃષિ બીજ અને ૩૦૦૦ જાતના દેશી આંબા બચાવવા માટે 'આમ્રક્રાંતિ' અભિયાન ચલાવ્યું છે.

### દિવ્યગ્રામ નિર્માણ અને શાસ્ત્ર સર્જન

ગ્રામીણ સંસ્કૃતિના ઉત્થાન માટે ભેખડિયા (ગુજરાત) અને જામલી (મધ્યપ્રદેશ) ને ભારતના પ્રથમ 'દિવ્યગ્રામ' બનાવ્યા છે, જ્યાં કૃષિ આવક ૧૦ ગણી વધી છે અને આદિવાસી સમાજ વ્યસનમુક્તિ તરફ વળ્યો છે. માત્ર ૧૧ ધોરણ ભણેલા મનસુખભાઈએ જંગલો અને પહાડોમાં બેસીને ગીર ગાય ગ્રંથ, ગોવેદ અને કૃષિસંહિતા જેવા સાત વિશ્વપ્રેરક શાસ્ત્રો લખ્યા છે, જેની ૯ લાખ નકલોનું વિતરણ થયું છે. ૫૧ લાખ ચેકડેમ-તળાવ અને ૧૦ લાખ ગીર ગાયના લક્ષ્યાંક સાથે ટ્રસ્ટ 'સુવર્ણભૂમિ ભારત' ના નિર્માણ માટે કટિબદ્ધ છે.

વેમાલીના રહીશોની વર્ષો જૂની માંગ સંતોષાઈ

# વેમાલી ગામથી 'વિટકોસ' સીટી બસ દોડશે, ખુશીની લહેર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23
વડોદરા મહાનગરપાલિકાના સીમાડામાં ભળેલા વેમાલી ગામના રહીશો માટે આજનો દિવસ હરખનો સાબિત થયો છે. વાઘોડિયા વિધાનસભાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાના સતત ફોલોઅપ અને રજૂઆતોને પગલે વેમાલી ગામથી વિટકોસ સીટી બસ સેવાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ સુવિધા શરૂ થતા જ ગ્રામજનોએ ફટાકડા ફોડી અને મોં મીઠા કરાવીને ધારાસભ્યનો આભાર માન્યો હતો. નોંધનીય છે કે વેમાલી ગામનો સમાવેશ વડોદરા કોર્પોરેશનમાં લાંબા સમય પહેલા કરી દેવામાં આવ્યો હતો, પરંતુ ભૌગોલિક રીતે આ ગામ શહેરના મુખ્ય વિસ્તારોથી દૂર હોવાથી ત્યાં પૂરતી પરિવહન સુવિધા ઉપલબ્ધ નહોતી. ગામના વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને સામાન્ય નાગરિકોને વડોદરા શહેરના મુખ્ય વિસ્તારોમાં જવા માટે ખાનગી રિક્ષાઓ કે અન્ય સાધનોમાં મોંઘા ભાડા ખર્ચવા પડતા હતા. ગ્રામજનો દ્વારા લાંબા સમયથી અહીં સરકારી સીટી બસ શરૂ કરવાની માંગ કરવામાં આવી રહી હતી. આ ગંભીર પ્રશ્નને ધ્યાને લઈને વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ તાજેતરમાં મળેલી સંકલન સમિતિની બેઠકમાં તંત્ર સમક્ષ ધારદાર રજૂઆત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો વેમાલી ગામ કોર્પોરેશનનો ભાગ હોય તો નાગરિકોને પ્રાથમિક સુવિધા તરીકે પરિવહનની વ્યવસ્થા મળવી જ જોઈએ. તેમની આ રજૂઆત અને અવિરત પ્રયાસોના ફળસ્વરૂપે તંત્ર દ્વારા બસ રૂટને મંજૂરી આપવામાં આવી હતી. સોમવારથી શરૂ થયેલી આ બસ સેવાના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, "અમારો મુખ્ય હેતુ છે કે છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચે. આ બસ સેવા શરૂ થવાથી હવે વેમાલીના રહીશોના સમય અને નાણાં બંનેની બચત થશે.